| | |
|---|---|
| **રજૂ તારીખ** | **૨૦/૦૬/૨૦૧૮** |
| **દાખલ તારીખ** | **૨૦/૦૬/૨૦૧૮** |
| **ફેંસલ તારીખ** | **૦૯/૦૩/૨૦૨૬** |
| **સમયગાળો** | **વર્ષ :૦૭ માસ:૦૮ દિન:૧૭** |

**<u>મે. મજુર અદાલત, સુરત ખાતેના ધ પેમેન્ટ ઓફ વેજીસ ઓથોરીટી</u>**

**<u>શ્રી એચ.ડી.રાજપુરા સાહેબ સમક્ષ.</u>**

**પેમેન્ટ ઓફ વેજીસ અરજી નંબર – ૧૪૮/૨૦૧૮**

**આંક –૩૨**

**અરજદાર :** ડો.પિંતાબર પ્રધાન,(ઉંમર–૫૪)
જાતના–વેલમાં, ધંધો : સમાજસેવા,
પ્રમુખ જય ભારત મજદુર યુનિયન,
(ડી– ફોર્મ અનુસાર પરીશીષ્ટ મુજબના કામદારોના વતિ)
ઠે.૬૪,સ્વસ્તીક રો–હાઉસ,જુનો કોસાડ રોડ,કતારગામ,
અમરોલી સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળા :** પ્રમુખ/મંત્રી/ખજાંન્સી,
તીરુપતી ટેક્ષટાઈલ માર્કેટ,મેન્ટનેન્સ સર્વીસ
એસોસીએશન,
ઠે.જી–૨૬–૧એ, પાર્કીગ ફલોર,રીંગ રોડ,સુરત.

**હાજર રહયા :**

**અરજદારો તરફે : વિ.પ્ર. શ્રી રવિભાઈ ચૌધરી.**

**સામાવાળાઓ તરફે : વિ.વ. શ્રી જયેશભાઈ બરવારીયા.**

**–:: હુકમ ::–**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામમાં જોડેલા પરીશીષ્ટમાં જણાવેલ વર્ષ, હોદો તથા પગાર પ્રમાણે કામદારો જુદા–જુદા હોદા ઉપર જુદા–જુદા વિભાગમાં આશરે કામદાર તરીકે ખંત અને પ્રમાણીકપણે ઈમાનદારી પુર્વક જુદા–જુદા સ્થળ પર કામ કરતા હતા. અમો કામદારોના કામ દરમ્યાન તમામ કામ નિષ્કલંક હતા તથા દાગ રહીત હતા. આ કામના સામાવાળા સંસ્થામાં તમામ મજુર કાયદાઓ લાગુ પડે છે. તે છતા આ કામના સામાવાળા કોઈપણ જાતના મજુર કાયદાઓના પાલન કરતા નથી. અને અમો અરજદારને આ કામના સામાવાળા કામના શરૂઆતમાંથી કોઈપણ જાતના મજુર કાયદા પ્રમાણે લાભો કે હકકો કે હકકોના નાણાંઓ, જેવા કે હાજરી કાર્ડ, પગારપત્ર, ઓળખપત્ર, ઈ.એસ.આઈ. કાર્ડ, પી.એફ.ના લાભો, હકક રજાના નાણાંઓ, ગ્રેચ્યુઈટીના નાણાં, બોનસના નાણાં, સર્વિસપગાર, ઓવર ટાઈમના ડબલ પગાર વિગેરેના લાભો આપતા ન હતા,જે બાબતે અમો અરજદાર તેની માંગણીઓ કરતા હતા અને સામાવાળા તુલશીભાઈ પ્રોટા આશ્વસના આપી સમય પસાર કરતા હતાં. ત્યાર બાદ અમો કામદારોએ કાયદેસર લાભો તથા હકકો વારંવાર માંગણી કરવાથી તાઃ– ૧૧/૦૭/૨૦૧૮ નારોજ છુટા કરવાની ધમકી આપેલ છે. અમો અરજદારના તા.૦૧/૦૩/૨૦૧૮ થી ૨૪/૦૬/૨૦૧૮ સુધી આશરે ચાર મહીનાના પગાર સામાવાળા પાસે જમા છે.ઉપર જણાવેલા બાકી પગાર તથા અન્યો હક્કોના નાણાંઓ પરીશીષ્ટમાં જણાવ્યા મુજબ સામાવાળા પાસે જમા છે. જેની માંગણી કરતા સામાવાળાએ અમો કામદારોના બાકી પગાર તથા અન્યો હક્કોના નાણાઓ ચુકવવાની સ્પષ્ટ રીતે ઈન્કાર કરેલ છે. જેથી આ અરજી દાખલ કરવાની ફરજ પડેલ છે.આપશ્રીની હુકમતમા સામાવાળા સંસ્થા હોય આ અરજી આપ નામદાર કોર્ટ સમક્ષ દાખલ કરવાની ફરજ પડેલ છે. અમારા હક્કોના નાણાં તથા બાકી પગાર મેળવવા અમો અરજદારો કોન્ટ્રાકટર મારફતે એક નોટીસ મોકલેલ હતી તે નોટીસ સામાવાળાને મળી ગયેલ છે છતા પણ સામાવાળા કોઇ જવાબ આપેલ નથી ત્યાર પછી

સામાવાળા એક નોટીસ કોન્ટ્રાક્ટરને આપેલ નોટીસનો તા. ૨૨/૦૫/૨૦૧૮ ના રોજ સામાવાળાના નોટીસનો જવાબ આપેલ તેમ છતા સામાવાળાએ નોટીસ લેવા ના પાડવાથી શેરો પ્રમાણે સદર નોટીસ પરત આવેલ છે. તેનો કોઈ જવાબ આપેલ નથી અને અમારા યુનીયન પ્રમુખ ફોન ઉપર વાત કરવાથી સામાવાળાએ એમ જણાવેલ કે તમારા હાથમાં જે થાય તે કરીલો હું જવાબ આપવાનો નથી જેથી ના છુટકે આ અરજી કરવાની ફરજ પડેલ છે . સામાવાળા માથાભારે અને રાજકારણી છે અમારા હક્કોના નાણાંઓ ડુબી જાય તેમ છે જેથી આ અરજી દાખલ કરવાની ફરજ પડેલ છે . સબબ આપ નામદાર કોર્ટ સમક્ષ દાદ માંગવાની છે કે, આ કામના સામાવાળા પરીશીષ્ટ મુજબના અમો અરજદારના રૂા. ૨,૮૭,૫૦,૦૦૦/– અંકે બે કરોડ સત્યાસી લાખ પચાસ હજાર પુરા ગેરકાયેદેસર રોકી રાખેલ છે તેમ જાહેર કરી દશ ઘણી પેનલટી સાથે અમો અરજદારને સામાવાળા તાત્કાલીક ચુકવી આપે તે જ રીતે આ કામના સામાવાળાને હુકમ ફરમાવશોજી. આ કામના સામાવાળા અમો અરજદારના નીકળતા નાણાં રૂા. ૨,૮૭,૫૦,૦૦૦/– અંકે બે કરોડ સત્યાસી લાખ પચાસ હજાર પુરા ગેરકાયદે રોકી રાખેલ છે તે સામે આપ નામદાર કોર્ટ સમક્ષ બેંક ગેરેન્ટી રજુ કરવા કામદારના ન્યાયની હીતમાં હુકમ ફરમાવશોજી. આ કામના સામાવાળા પાસેથી આ કામના તમામ ખર્ચ અપાવશોજી.

અરજદાર તરફે તેની ઉપરકોત અરજી સાથે આંક – ૨ થી એટેચમેન્ટ સંદર્ભે ની અરજી આપેલ હોય અને જે અરજી જે તે સમયના પ્રિસાઈડીંગ ઓફીસર શ્રી ધ્વારા હુકમ કરી ફેસલ કરેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

**(૨)** સદર અરજી સંદર્ભે સામાવાળાને જે–તે સમયે નોટીસ કરતા તેઓને નોટીસ બજી ગયેલ હોય અને સદર કામે હાજર થઈ આંક –૧૧ અરજદારની મુળ અરજી તથા આંક – ૨ ની અરજી સંદર્ભે કોમન જવાબ રજુ રાખેલ હોય અને જેમાં અરજદાર તરફે જણાવેલ હકકીતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ હોય અને વધુમાં જણાવેલ છે કે, અરજદારોની અરજી ખરી નથી અને અમો

સામાવાળાને કબુલ,મંજુર ન હોય તે તમામ પુરવાર કરવાની જવાબદારી અરજદારોના શીરે છે અને રહશે. અરજદારોની આંક – ૧ તથા ૨ ની અરજીમાં લખવામાં આવેલ કથનો અને ઈબારતો મુળથી જ ખોટા, બનાવટી, તરકટી, ઉપજાવી કાઢેલ હળાહળી જુઠાણવાળા સત્યથી વેગળા, કુદરતી ન્યાય તથા સમન્યાયના સિંધ્ધાતો વિરુધ્ધના હોય અમો સામાવાળા તેનો ભારપુર્વક ઈન્કાર કરીએ છીએ. અરજદારની અરજી કાયદાના યોગ્ય સ્વરૂપની ન હોય કાયદાનુસાર તે ચાલી કે ટકી નથી અને તેથી અરજદારોની અરજી પ્રથમદર્શને જ રદ થવાને પાત્ર છે.અરજદારોની અરજી નોનો–જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોય અરજદારનો અરજી પ્રથમદર્શને જ ખોટી અને ગળેપડુ છે. અરજદારની અરજીને સમયમર્યાદાનો બાધ નડતો ન હોય અરજદારોની અરજી પ્રથમદર્શને જ નલ એન્ડ વોઈડ છે.અમો સામાવાળાની સંસ્થા સ્વાયત સંસ્થા છે આ સંસ્થામાં દુકાનદારોએ દર મહિને મેઈન્ટેન્સ આપવાનુ રહે છે અને તે દુકાનદારો પાસ ઉઘરાણુ કરી સંસ્થા દેખરેખ તથા જાળવણી કરવા માટે કોન્ટ્રાકટરને કામગીરી આપેલ તે મુજબ તેણે પોતાના માણસો રાખી કામ કરવાનુ હોય છે, તેવુ સુપરવિઝન કંટ્રોલ માણસો રાખવા, છુટા કરવા, પગાર આપવા વિગેરે કામગીરી કોન્ટ્રાકટરે કરવાની હોય છે અને કોન્ટ્રાકર જે માસિક બીલ આપે તે પ્રમાણે સામાવાળાએ પેમેન્ટ ચુકવવાનુ રહે છે. પરીશીષ્ટ માં જણાવેલ નામવાળા કામદારોને અમોએ કયારેય કામે રાખેલ ન હોય અમારી પગાર બાબતની કોઈ જવાબદારી બનતી ન હતી અને નથી. અમારો સીકયુરીટી સુપરવાઈઝર, સીકયુરીટી ગાર્ડ વીજીલન્સ વિગેરે બાબતનો જય ભારત ડીટેકટીવ એન્ડ સીકયુરીટી સર્વિસ પ્લોટ નંબર–૫૧ હરિઓમ નગર, આસતિક સ્કુલ પાસે, ગોડાદરા સુરતને કોન્ટ્રાકટ આપેલ અને તેઓ પોતાની મરજી

પ્રમાણેની વ્યકતીને અમારે ત્યાં મોકલતા હોય છે અને તેમના બીલ પ્રમાણે અમારે તેમને ચેક થી પેમેન્ટ કરવાનુ હોય છે અને કોઈ સમયે તેમના તરફથી સમયસર બીલ ન આવેલ હોય તો અમારા રેકર્ડના આધારે અમો તેમને કવરીંગ લેટર લખી ચેકથી મહિનાનો પગાર જય ભારત ડીટેકટીવ એન્ડ સુકયુરીટી સર્વિસને ચુકવતા હતા.ઓમએ સીકયુરીટીને લગતો કોન્ટ્રાકટ જય ભારત ડીટેકટીવ એન્ડ સીકયુરીટી સર્વિસ પ્લોટ નંબર –૫૧, હરી ઓમનગર આસ્તીક સ્કુલ પાસે, ગોડાદરા, સુરતને કોન્ટ્રાકટ આપેલ છે અને તેઓ જે વ્યકતીને અમારે ત્યા કામ અર્થ મોકલે અને હકકરજા,બોનસ વિગેરે અમારે આપવાના હોતા નથી અમો તેમને તેમના બીલ પ્રમાણે અમારા રેકર્ડ આધારે ચેક બનાવી અમારે પેમેન્ટ કરવાનુ હોય છે અમારે ત્યા તેમના તરફથી એક જ વ્યકતીને મોકલવામાં આવતી નથી અને અમો સામાવાળાની મુખ્ય માલીક તરીકે ફકત પગાર અને જો કોઈ કિસ્સામાં અકસ્માતનો બનાવ બને તો અકસ્માતના નાંણાની વસુલ મેળવવાનો હકક મળતો હોય અમારી જાવબદારી બને છે .અમોએ જુન–૨૦૧૮ નો પગાર તારીખ –૦૬/૦૭/૨૦૧૮ ના પત્ર સાથે રૂા.૧,૫૩,૪૮૮/– નો અમારી બેંક કોટક મહિન્દ્રા બેંક નો ચેક આપી ચુકવી આપેલ છે અને તેની અગાઉના માર્ચ–૨૦૧૮ ના બીલ નંબર–૨૫૬ થી રૂા.૧,૪૨,૩૮૧/– ચેક નંબર – ૦૦૦૪૭૬ થી એપ્રિલ–૨૦૧૫ ના બીલ નંબર – ૨૫૮, તારીખ – ૩૦/૦૪/૨૦૧૮ ચેક નંબર –૦૦૦૪૯૬ રકમ રૂા.૧,૨૪,૧૭૬/– મે ૨૦૧૮ ના પગાર અમારા તારીખ – ૦૫/૦૬/૨૦૧૮ ના રોજ કવરીંગ લેટર મુજબ ચેક નં.૦૦૦૫૩૩ થી રકમ રૂા.૧,૪૩,૫૭૩/– કોટક મહિન્દ્રા બેંકના ચેકોથી ચુકવી આપેલ છે જેથી અમારે આ અંગે અરજદારો સાથે લેવા દેવાના નીકળતા નથી અને જો અરજદારોનો કેસ એવો હોય કે તેઓએ અમારે

ત્યા સળંગ ૧૩ વર્ષ નોકરી કરી છે તો તે કથનો અને ઈબારતો તેમણે ખોટી રીતે લખેલ છે. પરીશીષ્ટ મુજબના કોઈ કામદાર અમારા કામદાર ન હોય અમારે તેમને કોઈપણ પ્રકારના નાંણા ચુકવવાના બાકી ન હતા અને નથી.વધુમાં અરજદારોએ જે રકમની માંગણી કરેલ છે તે તમામ ૨૩ કામદારોનો બાકી પગાર એક સરખો જ બતાવેલ છે તેવુ પણ બનવુ શકય નથી અને આ કામમાં તેમણે બાકી હકકરજા દરેક કામદારની રૂા.૧,૦૫,૦૦૦/– ઓવર ટાઈમ પગાર રૂા.૧૦,૪૦,૦૦૦/– તથા સર્વિસ પગારના રૂા.૬૫,૦૦૦/– એક સરખી રકમની જ માંગણી કરેલ છે જે કોઈ પણ કિસ્સામાં શકય જ નથી તેથી જ એ પુરાવાર થાય છે કે અરજદારોએ સ્ટીરીયો–ટાઈપ કેસ કરેલ છે અને ખોટો કેસ કરેલ છે અને તેમને કેસ કરવા કોઈ હકક કે અધિકાર ન હોવા છતા ખોટી રીતે કેસ દાખલ કરેલ છે.અરજદારની અરજી કાયદા અનુસાર ટકી શકતી નથી,તેવુ જાહેર કરી રદ કરશોજી. તમામ અરજદારો પ્રથમ દર્શનીય રીતે અમો સામાવાળાના કામદાર છે તેવુ પુરવાર કરી શકતા ન હોય, તેથી અરજદારની આંક – ૧ તથા આંક – ૨ ની અરજી રદ કરશોજી.તમામ અરજદારો સામાવાળા પાસેથી કોઈ પણ પ્રકારના નાંણા મેળવવા હકકદાર થતા ન હોય તેઓ અમારી કોઈ મિલકત અટેચ કરાવી શકાતા નથી કે જપ્તીમાં લઈ શકતા નથી અને અમો સામાવાળા એસલસીએશન માલીકીની માર્કટ ન હોય કે માલ–સમાન અટેચ થઈ શકે નહી તેવુ જાહેર કરશોજી.સામાવાળા એસોશીએશનનો તારીખ –૦૧/૦૩/૨૦૧૮ થી તારીખ ૩૦/૦૬/૨૦૧૮ દરમ્યાન જય ભારત ડીટેકટીવ એન્ડ સીકયુરીટી સર્વિસના કોન્ટ્રાકટ ચાલતો હતો તેવુ જાહેર કરશોજી. આ લેખિત જવાબની એકંદર હકીકતો જોતા બીજી વિશેષ અને વ્યાજબી અપાવવી યોગ્ય લાગે તેવી દાદ અમો સામાવાળાના લાભમાં અપાવશોજી.

**(૨/૧)** સદર કામે સામાવાળા તરફે આંક – ૧૨ થી પ્રાથમીક મુદા સંદર્ભે અરજી આપેલ હોય અને ત્યારબાદ તે અરજી નોટફેસ કરતા જે–તે સમયના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી ધ્વારા જે અરજી ફેસલ કરેલા નુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

**(૩)** સદર કામ અરજદારના પુરાવા ઉપર આવતા અરજદાર તર્ફે આંક – ૧ની અરજી સાથે રજુ રાખેલ પરીશીષ્ટમાં જણાવેલ કામદારો ના સર–તપાસ ના સોંગદનામા આંક – ૧૭ થી ૨૪ થી રજુ રાખેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

પરંતુ આંક – ૧૭ થી ૨૪ ધ્વારા સોંગદનામુ કરનાર કામદારો પુરતી તકો આપવા છતા ઉલટ તપાસ માટે હાજર રહેતા ન હોય સામાવાળા તરફે આંક – ૨૭ થી આપેલ અરજી અન્વયે વીગતવાર હુકમ કરી કામદારો ઉલટ–તપાસ માટે હાજર રહેલ નથી તેનો નોંધ લઈ અરજદારનો પુરાવાનો હકકબંધ કરેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

**(૩/૧)** સદર કામે સામાવાળા તરફે આંક – ૨૬ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીચે મજુબના દસ્તાવેજો રજુ રાખેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

**:: દસ્તાવેજી પુરાવા ::**

| નિશાની | વિગત |
|---|---|
| ૨૬/૧ | તા.૦૧/૦૪/૨૦૧૪ થી ૩૧/૦૩/૨૦૧૫ સુધીના સીકયુરીટમાં પગાર ચેકથી ચુકવેલ તેના એકાઉન્ટ નંબરની ઝેરોક્ષ. |
| ૨૬/૨ | તા.૦૧/૦૪/૨૦૧૫ થી ૩૧/૦૩/૨૦૧૬ સુધીના સીકયુરીટમાં પગાર ચેકથી ચુકવેલ તેના એકાઉન્ટ નંબરની ઝેરોક્ષ. |

| | |
|---|---|
| ૨૬/૩ | તા.૦૧/૦૪/૨૦૧૬ થી ૩૧/૦૩/૨૦૧૭ સુધીના સીકયુરીટમાં પગાર ચેકથી ચુકવેલ તેના એકાઉન્ટ નંબરની ઝેરોક્ષ. |
| ૨૬/૪ | ૦૧/૦૪/૨૦૧૭ થી ૩૧/૦૩/૨૦૧૮ સુધીના સીકયુરીટમાં પગાર ચેકથી ચુકવેલ તેના એકાઉન્ટ નંબરની ઝેરોક્ષ. |
| ૨૬/૫ | ૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૦/૦૬/૨૦૧૮ સુધીના સીકયુરીટમાં પગાર ચેકથી ચુકવેલ તેના એકાઉન્ટ નંબરની ઝેરોક્ષ. |
| ૨૬/૬ | સને ઓકટોબર– ૨૦૧૭ ના બીલ પર સામાવાળાએ પેઈડ કરી આપેલ તેની ઝેરોક્ષ. |
| ૨૬/૭ | નવેમ્બર–૨૦૧૭ ના બીલ પર સામાવાળાએ પેઈડ કરી આપેલ તેની ઝેરોક્ષ. |
| ૨૬/૮ | ડીસેમ્બર–૨૦૧૭ ના બીલ પર સામાવાળાએ પેઈડ કરી આપેલ તેની ઝેરોક્ષ. |
| ૨૬/૯ | જાન્યુઆરી–૨૦૧૮ ના બીલ પર સામાવાળાએ પેઈડ કરી આપેલ તેની ઝેરોક્ષ. |
| ૨૬/૧૦ | ફેબ્રુઆરી–૨૦૧૮ ના બીલ પર સામાવાળાએ પેઈડ કરી આપેલ તેની ઝેરોક્ષ. |
| ૨૬/૧૧ | માર્ચ–૨૦૧૮ ના બીલ પર સામાવાળાએ પેઈડ કરી આપેલ તેની ઝેરોક્ષ. |
| ૨૬/૧૨ | એપ્રિલ–૨૦૧૮ ના બીલ પર સામાવાળાએ પેઈડ કરી આપેલ તેની ઝેરોક્ષ. |
| ૨૬/૧૩ | મે.૨૦૧૮ નુ બીલ ન મળતા સામાવાળાએ રકમ રૂા.૧ ,૪૩,૫૭૩/– નો ચેક મોકલેલ તે લખાણ લેટર પેડ પર તથા ચેકની ઝેરોક્ષ.૦૫/૦૬/૨૦૧૮ |
| ૨૬/૧૪ | જુન–૨૦૧૮ નુ બીલ ન મળતા સામાવાળાએ રકમ રૂા.૧,૫૩,૪ ૮૮/– નો ચેક મોકલેલ તે લખાણ લેટર પેડ પર તથા ચેકની ઝેરોક્ષ.૦૬/૦૭/૨૦૧૮ |

સદર કામે સામાવાળા તરફે આંક – ૩૧ થી કલોઝીંગ પુરસીસ આપેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

(૩/૨) કામ દલીલ ઉપર આવતા અરજદાર તરફે પ્રતિનીધીશ્રી ધ્વારા તથા સામાવાળા તરફે વકીલશ્રી ધ્વારા રેકર્ડ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા જણાવેલ.

(૪) આ કામે રેકર્ડ ઉપરની હકીકતે રજુ થયેલ પુરાવા તેમજ દલીલો ધ્યાને લેતા આ અરજીના ન્યાયનિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: <u>મુદ્દા</u> ::**

**૧.** શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી અરજી સાથે રુજ રાખેલ પરીશીષ્ટમાં જણાવેલ લેણી રકમ મેળવાવ તથા માગ્યા મુજબની અન્ય દાદ મેળવવા હકકદાર છે?

**૨.** શું હુકમ?

**:: <u>નિર્ણયો</u> :**

**૧. નકારમાં.**

**૨. આખરી હુકમ મુજબ.**

**:: <u>કારણો</u> ::**

**<u>મુદ્દા નંબર (૧)</u> :**

(૫) અરજદાર તરફે હાલની અરજી સામાવાળા સામે પરીશિષ્ટ માં જણાવેલ કામદારોના બાકી નીકળતા નાણાની રકમ મેળવવા સારુ પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબ કરેલાનું આંક–૧ ની અરજી લક્ષમાં લેતા જણાય આવે છે. સદર કામે સામાવાળા તરફે વકીલ શ્રી હાજર થયેલ હોય અને તેના ધ્વારા આંક–૧૧ થી જવાબ રજુ રાખેલ નુ રેકર્ડ જોતા જણાય આવે છે. કામ અરજાદરના પુરાવા ઉપર આવતા અરજદાર તરફે આંક – ૧ ની અરજી

સાથે રજુ રાખેલ પરીશીષ્ટ માં જણાવેલ કામદારો ના સરતપાસના સોંગદનામા આંક – ૧૭ થી ૨૪ થી રજુ રાખેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે. પરંતુ આંક – ૧૭ થી ૨૪ ધ્વારા સોંગદનામુ કરનાર કામદારો પુરતી તકો આપવા છતા ઉલટ તપાસ માટે હાજર રહેતા ન હોય સામાવાળા તરફે આંક – ૨૭ થી આપેલ અરજી અન્વયે વીગતવાર હુકમ કરી કામદારો ઉલટ–તપાસ માટે હાજર રહેલ નથી તેનો નોંધ લઈ અરજદારનો પુરાવાનો હકકબંધ કરેલાનુ રેકર્ડ જોતા જણાઈ આવે છે.

સદર કામે અરજદારનો પુરાવાનો હકકબંધ થયા બાદ અરજદાર તરફે હાજર થઈ પોતાનો પુરાવાનો હકક ખોલાવેલ હોય કે પુરાવો રજુ કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ ન હોય, તેમજ અરજદાર ધ્વારા તેની હાલની અરજીમાં માંગેલ રકમ સંદર્ભે તથા સામાવાળા તરફે લીધેલ તકરાર બાબતે તેમજ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ સંદર્ભેની કોઈ હકીકત સોગદઉપર પુરાવો આપી જાહેર કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી. આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા અરજદાર ધ્વારા તેની અરજીમાં જણાવેલ રકમ સામાવાળા પાસેથી મેળવવા તેઓ ખરેખર હકકદાર હોવાનુ પુરાવાઓ થી સાબીત કરી શકેલ ન હોવાનુ અમોનુ નમ્ર પણે માનવુ હોય જેથી હાલની અરજી મંજુર કરવી ન્યાય ઉચીત જણાતુ ન હોય મુદ્દા નંબર – ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર – ૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧) અરજદારની હાલની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**૨) પક્ષકારોએ પોત–પોતાનો ખર્ચ જાતે ભોગવવો.**

હુકમ આજરોજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તારીખ :– ૦૯/૦૩/૨૦૨૬

સુરત.

(હાર્દિક દિલીપભાઈ રાજપુરા)
ઓથોરીટી,
વેતન ચુકવણી અધીનીયમ,
મજુર અદાલત (એસ.ડી) નંબર ૪,
સુરત.
**(CODE NO GJ01291)**